**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૧૨/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૯૧૮ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૧૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૧૮/૧૫**

**સરખેજઃ** અજયભાઈ ભરતભાઈ ચુનારા (રહે.ખોડીયાર માતાના મંદિરની બાજુમાં ચુનારાવાસ મકરબા ગામ સરખેજ) એ તા.૧૫/૧૨/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સરખેજ મકરબા ગામ નજીકથી પોતાની બહેન જશોદાબહેન (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી એન સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૧૯/૧૫**

**કૃષ્ણનગરઃ** કનકબહેન મહેશભાઈ ભાવસાર (ઉ.વ.૫૯) (રહે શાંતીવન ડુપ્લેક્ષ કૃષ્ણ એપાર્ટમેન્ટ સામે પ્રતિક સોસાયટી ઈન્ડીયા કોલોની બાપુનગર) તા.૧૫/૧૨/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ઠક્કરનગર ચામુંડા ફર્નિચર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કનકબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કનકબહેન ભાવસારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૨૦/૧૫**

**માધવપુરાઃ** સંગીતાબહેન સોમાભાઈ ડાભી (ઉ.વ.૧૭) (રહે.મોદીની ચાલી શાહપુર દરવાજા બહાર) એ કોઈ કારણસર તા ૧૫/૧૨/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ પરમાર ચલાવે છે.

**કાલુપુરઃ** રિન્કુબહેન રાજેન્દ્રકુમાર મકવાણા (ઉ.વ.૨૫) (રહે.ચંપા સ્મૃતિ જુની પ્રકાશ સિનેમા પાછળ કાલુપુર) એ કોઈ કારણસર તા ૧૫/૧૨/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી ડી ઝીલરીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૫૨૧/૧૫**

| | |
|---|---|
| **સાબરમતીઃ** રિમાબહેન સત્યપાલ રાજપર (ઉ.વ.૨૩)(રહે. સૈયદવાસ રામદેવ ચોક કાળીગામ સાબરમતી) તા.૧૩/૧૧/૧૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ડી કેબીન ચણીયાચોળી સીવડાવવા જવાનુ કહી ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો અનારકલી ડ્રેસ પહેર્યો છે. હાથની કલાઈના ભાગે ફુલની ડીઝાઈન કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સાબરમતી પો.સ્ટે. ફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **માધવપુરાઃ** ઉર્મિલાબહેન દીનેશભાઈ ચાવડા (ઉ.વ.૧૯)(રહે.શિવશક્તિનગર માસ્તર કોલોનીની બાજુમાં શાહપુર દરવાજા બહાર માધવપુરા) તા.૩૧/૧૦/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી બાપુનગર બહેનના ગરે સીલાઈ કામ કરાવવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. લીલા રંગનુ ટોપ અને ગુલાબી રંગની લેગીઝ પહેરી છે.કપાળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. (માધવપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૬૩૨૧૦૦) |  |
| **ચાંદખેડાઃ** પુજાબહેન નરેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૧૯) (રહે.જોગમાયાનગર વેલજીભાઈનો કુવો મોટેરા ચાંદખેડા) તા.૭/૧૧/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરી જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રીમ રંગની પ્રીંટવાળી સાડી પહેરી છે.ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(ચાંદખેડા પો.સ્ટે.ફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** સુમનબહેન રામુભાઈ યાદવ (ઉ.વ.૧૬) (રહે.સુમતી સ્કૂલની બાજુમા ચાણક્યપુરી ઘાટલોડીયા ) તા.૨૫/૧૧/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જમણી આંખ ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** ગૌરવ સુદામા ગુપ્તા (ઉ.વ.૨૦) (રહે.પુરૂષોત્તમનગર ચાણક્યપુરીબ્રીજ પાસે) તા.૨૪/૧૧/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ગોતા ચોકડી એસ્ટેટ ઈન્સટ ફાર્મા કંપની નજીકથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. જમણી આંખ ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે તેમજ જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં જી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **બાપુનગરઃ** રોહીત શિવદયાલ ગુપ્તા (ઉ.વ.૧૪)(રહે.રાધાકૃષ્ણની ચાલી બાપુનગર) તા.૧૪/૧૧/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. છીંકણી રંગનુ શર્ટ અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૪ ફુટ ૩ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)